# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. ગિફ્ટ સિટીમાં સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાકટ્સનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે હવે વિદેશી રોકાણકારો ભારતીય બજારમાં સરળતાથી રોકાણ કરી શકશે
2. નવા શૈક્ષણિક વર્ષમાં રાજ્યના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મંત્રી ઋષિકેશ પટેલે સંબધિત અધિકારીઓને તાકીદ કરી
3. જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને જોડતા રસ્તાઓના નિર્માણ અને વિકાસ માટે 52 કરોડ રૂપિયાના કામોને રાજ્ય સરકારે મંજૂરી આપી
4. રાજ્યની ૫૮ ડ્રોન દીદીએ નવ માસમાં આઠ હજાર એકરથી વધુ જમીનમાં ડ્રોનથી દવાનો છંટકાવ કરીને ૨૪ લાખથી વધુ રૂપિયાની આવક પ્રાપ્ત કરી
5. જૂનાગઢ મહાનગરપાલિકા તેમજ 66 નગરપાલિકાઓ અને જીલ્લા-તાલુકા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GIFT CITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે કેન્દ્રીય અંદાજપત્રમાં જાહેર થયેલી જોગવાઈઓ IFSCની ફાઇનાન્સિયલ ઇકો સિસ્ટમને વધુ સંગીન બનાવશે. ગિફ્ટ સિટીમાં સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાકટ્સનો પ્રારંભ કરાવતા શ્રીપટેલે જણાવ્યું કે ગિફ્ટ સિટી આજે વિશ્વભરમાં ફિનટેકનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ - મુખ્યમંત્રી )

. . . . . . . . . . . . . .

# GCAS RUSHIKESH PATEL REVIEW MEETING

શૈક્ષણિક વર્ષ 2025-26 માં રાજ્યના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મંત્રી ઋષિકેશ પટેલે સંબંધિત તંત્રને તાકીદ કરી છે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગુજરાત કોમન એડમિશન સર્વિસિસની યોજાયેલી સમીક્ષા બેઠકમાં GCAS પોર્ટલ નવીન સુધારા સાથે કાર્યાન્વિત કરાયું છે. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા અને રાજ્યની 11 સરકારી યુનિવર્સિટીઝના વાઇસ ચાન્સેલર્સ અને વિદ્યાર્થી સંગઠનની ઉપસ્થિતીમાં આ બેઠક યોજાઇ હતી.

શૈક્ષણિક વર્ષ 2024-25 માં GCAS પોર્ટલ મારફતે અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં કુલ મળીને ચાર લાખ 55 હજારથી વધુ એડમિશન થયા હોવાની માહિતી આપવામાં આવી હતી..

આ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા માટે સાયબર કેફે કે અન્ય સ્થળે ફોર્મ ભરવા જવું પડે નહીં તે માટે દરેક યુનિવર્સિટિઝ અને કૉલેજ ખાતે ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર કાર્યરત કરવામાં આવશે.

GCAS દ્વારા યુનિવર્સિટીઝને 15 દિવસનો સમય આપીને પોત-પોતાની જરૂરિયાત મુજબ એડમિશન રાઉન્ડ ચલાવવા માટેની પરવાનગી આપવી અથવા GCAS દ્વારા શિડ્યુલ આપવાની વિચારણા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

## State Govt .Palitana

રાજ્ય સરકારે જૈન તીર્થ પાલીતાણાને જોડતા રસ્તાઓના નિર્માણ અને વિકાસ માટે વધુ ૫૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, તાજેતરમાં રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના વિવિધ કામો માટે કુલ ૨ હજાર ૨૬૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ હેતુસર જૈનતીર્થ ક્ષેત્ર પાલીતાણાને ૪૦ કરોડ ૫૦ લાખ રૂપિયા ૨૪.૯૦ કિ.મી લંબાઈના ૬ રસ્તા અને પૂલોના કામો માટે મંજૂર કરવામાં આવેલા છે. મુખ્યમંત્રીએ વધુ ૫૧ કરોડ ૫૭ લાખ રૂપિયા પાલીતાણાને જોડતા ૮૦૦ મીટરના માર્ગો પર નવા રસ્તા, પુલો માટે મંજૂર કર્યા

છે. અત્યાર સુધીમાં ૨૫.૭૦ કિ.મી. માર્ગો માટે કુલ ૯૨ કરોડ રૂપિયાથી વધુ રૂપિયા અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે.

આ નિર્ણયથી પાલિતાણા જૈન તીર્થમાં આવતા દર્શનાર્થીઓને સલામતી તથા સુલભતા પ્રાપ્ત થશે. તેમજ પાલીતાણા-તળાજા રસ્તાના જંકશન પોઇન્ટ પરનો ટ્રાફીક હળવો થશે.

. . . . . . . . . . . . . .

# DRON DIDI

રાજ્યની ૫૮ ડ્રોન દીદીએ ૯ મહિનામાં ૮ હજાર એકરથી વધુ જમીનમાં ડ્રોનથી દવાનો છંટકાવ કર્યો છે. ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ જણાવ્યું હતું કે, રાજ્યના સખી મંડળો સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની ૫૮ મહિલાઓએ ડ્રોન દીદી બનીને પોતાની આવકનો નવો સ્ત્રોત ઉભો કર્યો છે. આ ૫૮ ડ્રોન દીદીઓએ માત્ર ૯ મહિનામાં જ ૩ હજારથી વધુ ખેડૂતોની ૮ હજાર એકર જેટલી જમીનમાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરીને ૨૪ લાખ ૬૬ હજાર રૂપિયાથી વધુની આવક મેળવી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગુજરાતના સખી મંડળની વધુ ૨૦૬ બહેનોને ડ્રોન પાયલટની તાલીમ અને ડ્રોન ખરીદીમાં સહાય આપીને, રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં ઓછામાં ઓછી બે “ડ્રોન દીદી” કાર્યરત કરવામાં આવશે.

આ યોજનાના પ્રારંભિક તબક્કે વર્ષ ૨૦૨૩-૨૪માં ફર્ટીલાઇઝર કંપનીઓ- IFFCO દ્વારા 18, GNFC દ્વારા 20 અને GSFC દ્વારા 20 એમ કુલ મળી ૫૮ ડ્રોન તથા ૫૮ મહિલાઓને ડ્રોન તાલીમ પૂરી પાડવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, સ્વ-સહાય જૂથ અથવા ક્લસ્ટર લેવલ ફેડરેશન સાથે જોડાયેલી કોઇપણ ગ્રામ્ય વિસ્તારની મહિલા ડ્રોન દીદી બની શકે છે. મહિલાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી તેમજ ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ.

----------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

…………………………………

# Rajkot - Mahakumbh Volvo

રાજકોટથી મહાકુંભ વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે. એસટી નિગમની વેબસાઈટ પરથી ઓનલાઈન બુકીંગ થઈ શકશે. આ અંગે એસ.ટી. વિભાગના નિયામક જે.બી.કરોતરાએ વધુ માહિતી આપી હતી

(બાઈટ - જે.બી.કરોતરા - નિયામક એસ.ટી.વિભાગ)

. . . . . . . . . . . . . .

## Sthanik Swaraj Election

જૂનાગઢ મહાનગરપાલિકા તેમજ 66 નગરપાલિકાઓ અને જીલ્લા-તાલુકા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી.

મહીસાગર જિલ્લામાં વિરપુર તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં જોધપુર બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ નામંજુર થતાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે.

બોટાદથી અમારાં પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે કે, બોટાદ સ્થાનિક સ્વરાજ ચૂંટણી માટે ફોર્મ ચકાસણી થઈ પૂર્ણ થઈ છે. જેમાં બોટાદ નગરપાલિકામાં આમ આદમી પાર્ટીના ૩ અને ભાજપના એક ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. બોટાદના ચૂંટણી અધિકારી આરતી ગોસ્વામીએ આ મુજબ માહિતી આપી હતી.

(બાઇટ- આરતી ગોસ્વામી, ચૂંટણી અધિકારી, બોટાદ)

કચ્છમાં રાપર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર 7ના કુલ 77 ઉમેદવારી પત્રોની ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી. આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

. . . . . . . . . . . . . .

## DANG ELECTION MEETING

ડાંગ જિલ્લા પંચાયત કડમાળ મતદાર મંડળની પેટા ચૂંટણી -૨૦૨૫ અન્વયે નિરીક્ષકના  અધ્યક્ષ સ્થાને નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ હતી..

આ બેઠકમાં આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે નોડલ અધિકારી સાથે ચર્ચા કરી સંપૂર્ણ રીતે આદર્શ આચારસંહિતાનો અમલ થાય તે માટે સૂચના આપવામાં આવી હતી. મત વિભાગના તમામ બુથો પર સુરક્ષાકર્મીઓની ઉપસ્થિતિ, આરોગ્ય કર્મીઓની તૈનાતી સાથે ચૂંટણી દરમિયાન તટસ્થ રીતના કાયદો અને વ્યવસ્થાની સંપૂર્ણ જાળવણી થાય તેની તકેદારી રાખવાની પણ બેઠકમાં અધિકારીઓને સૂચના અપાઇ હતી.

કડમાળ ડાંગ જિલ્લા પંચાયતની મતદાર યાદી મુજબ આ બેઠક ઉપર કુલ ૨૨ મતદાન મથકોની સંખ્યા નોંધાયેલ છે.

. . . . . . . . . . . . . .

## WEATHER

અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહે તેવી શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે.. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી 24 કલાક તાપમાનની યથાવત રહેશે. ત્યારબાદ ધીમે ધીમે રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન 3 થી 4 ડિગ્રી સેલ્સિયસ

સુધી ઘટશે તથા ઉત્તર ગુજરાતના ભાગો પર એક સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જ્યારે પૂર્વ ગુજરાત તરફ સક્રિય છે. જેને કારણે અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં આગામી ત્રણ થી ચાર દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ થવાની શક્યતાઓ છે.

(બાઇટ- એ.કે.દાસ, ડાયરક્ટર હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .

## MAHISGAR SINCHAI

મહીસાગર જિલ્લામાં આવેલ કડાણા ડેમમાંથી રવી પાક માટે 150 ક્યુસેક પાણી કડાણા ડાબા કાંઠા કેનાલમાં છોડવામાં આવી રહ્યું છે. કેનાલમાં પાણી છોડવામાં આવતા કડાણા તાલુકાના ૪૦ ગામ તેમજ લુણાવાડા તાલુકાના 90 ગામ મળી કુલ 130 ગામોના ખેડૂતોની 11 હજાર 59 હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળશે. આ વર્ષે ઠંડી સારી પડતા તેમજ સિંચાઈનો લાભ મળતા ખેડૂતો રવી પાક સારો થાય તેવી આશા રાખી રહ્યાં છે.

. . . . . . . . . . . . .

## AMC – PARYAVARAN JAGRUTI

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણ અંગે જનજાગૃતિ લાવવા  નાગરિકોને ઘર દીઠ બે કાપડની થેલી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રતિ થેલી દીઠ રૂપિયા 35થી 37ના ભાવે 33 લાખ જેટલી કાપડની

થેલીઓ ખરીદવા માટે 11 કરોડથી વધુનો ખર્ચ થશે. લોકોને ઝડપથી આ થેલીઓ મળી રહે તેના માટે ચાર જેટલી વિવિધ એજન્સીઓને થેલીઓ બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.

શહેરમાં અંદાજિત 16 લાખ જેટલા મકાનો આવેલા છે જેથી દરેક ઘર દીઠ બે મળી 32 લાખ અને 1 લાખ વધુ એમ કુલ 33 લાખ જેટલી કાપડની થેલીઓ મેળવવા માટેની ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .